

આચારસંહિતા સામે પ્રશ્નાર્થ : ગાંધીનગરના જુના વિસ્તારમાં હજુ પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીના ફોટાવાળા હોર્ડીંગ યથાવત છે. આ હોર્ડીંગથી આચારસંહિતા ભંગ થાય કે નહીં તેની ચર્ચા ટોપ ઓફ ધ ટાઉન બની છે.

# સેકટરોમાં માર્ગોનુ લેવલીંગ જાળવવા રોડ ચેમ્બરમાં જ કામ થાય તે અનિવાર્ય

## પેવર બ્લોકના લીધે માર્ગો નિચાણમાં ધકેલાઇ જતા તંત્ર માટે શિરદર્દ

ગાંધીનગર તા ૬

શહેરના સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ ચાલી રહયુ છે. સેકટરોમાં માર્ગોનુ કામ લેવલીંગને ધ્યાને લઈ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. ત્યારે રસ્તાઓનુ નિર્માણ રોડ ચેમ્બરમાં જ કરવામાં આવે તો જ પાણીનો નિકાલ થાય તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. સેકટરોમાં પેવર બ્લોકની આડેધડ કામગીરનીના લીધે આંતરિક માર્ગો નિચાણમાં ધકેલાઈ ગયા છે. ત્યારે માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન વરસાદી પાણીનો નિકાલ થાય તે મુજબ કામ કરવામાં તંત્ર મુશ્કેલી અનુભવી રહયુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

શહેરના સેકટરોમાં હાલ માર્ગ સુધારણાની કામગીરી ચાલી રહી છે. શહેરના સે-૨૧, ૫ અને સે-૧૨ સહીત જી આઈ ડી સી ના વિસ્તારમાં પણ દાયકાઓના અંતે માર્ગોની દશા સુધારવા તંત્ર કામે લાગ્યુ છે. ત્યારે સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન માર્ગોનુ યોગ્ય લેવલીંગ જાળવવાનુ કામ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી રસ્તાની ચેમ્બરમાં જ થાય તો બન્ને સાઈટથી પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે પેવર બ્લોકની આડેધડ કામગીરીના લીધે ઉંચાણ પર સ્થિત મકાનોની સાથે માર્ગો નિચાણમાં ધકેલાઈ ગયા છે. આવા સંજોગોમાં સ્થાનિક કક્ષાએથી ઘર આંગણે માર્ગને ઉંચાઈ પર લેવા માટે પણ માંગણી કરવામાં આવી રહી છે. ત્યારે માર્ગ સુધારણા દરમિયાન રસ્તાનુ એકસરખુ લેવલીંગ થાય તે જરૂરી છે. માર્ગ સુધારણાની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. ત્યારે સેકટરોમાં રસ્તાનુ લેવલીંગ જળવાઈ તે અનિવાર્ય હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

## ચૂંટણી ચોતરેથી

- નારણપુરા વિસ્તારમાંથી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમીત શાહ ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો શુભારંભ કરશે.
- કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટ દ્વારા પાટીદાર અનામત આંદોલનને સમર્થન.
- જામનગરમાં ઉદ્યોગકારો દ્વારા જીએસટીના વિરોધમાં બાઈક રેલી.
- કેન્દ્રીય ચૂંટણી પંચ સાથે ગુજરાતના ચૂંટણી અધિકારીઓની વીડીયો કોન્ફરન્સ યોજાઈ.
- પાસના નેતા હાર્દિક પટેલે સલામતીનો ઈન્કાર કર્યો જયારે જીજ્ઞેશે સલામતીનો સ્વીકાર કર્યો.
- પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહ આજે અમદાવાદમાં પત્રકાર પરિષદ સંબોધશે.
- જનવિકલ્પ મોરચામાં ઉમેદવારી માટે પ્રજા પાસે ઓનલાઈન અરજી કરવા જણાવાયું.
- ભાજપે પ્રચાર માટે ઉત્તરપ્રદેશ-બિહારથી ૫૦ મોવડીઓને તેડાવ્યા.

# દેશી-વિદેશી દારુના અડ્ડાઓ પર એલસીબી પોલીસનો સપાટો

## ગાંધીનગર જિલ્લાના જુદાજુદા વિસ્તારમાંથી ૮૦૦ લીટર વોશ, ૧૧૫ લીટર દારુનો મુદ્દામાલ તેમજ ઝુંડાલ ગામ પાસેથી ૭૭ નંગ વિદેશી દારુ સાથે યુવાનની ધરપકડ કરતી એલસીબી પોલીસ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દેશી વિદેશી દારુના



અડ્ડાઓ પર સપાટો બોલાવ્યો છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રેઈડ કરતા બુટલેગરો તેમજ દારુડીયાઓમાં હાહાકાર મચી જવા પામ્યો છે. ત્યારે ગાંધીનગર એલસીબી પોલીસે જિલ્લાના વિવિધ વિસ્તારમાં દેશી દારુના અડ્ડા પર રેઈડ કરતા ૮૦૦ લી. દેશી દારુનો વોશ તેમજ ૧૧૫ લી. દેશીદારુનો મુદ્દામાલ સહિત ઝુંડાલ ગામ નજીકથી એક ઈસમ પાસેથી વિદેશી દારુની બોટલ નંગ -૭૭ કિ.રૂ. ૩૦.૮૦૦નો તેમજ મોટરસાયકલ અને મોબાઈલ સહિત કુલ કિ.૫૬,૩૦૦ નો મુદામાલ કબ્જે કરી ગુનોં નોધી વધુ તપાસ પોલીસ કરી રહી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લામાં દારુની બદી અટકાવવા જિલ્લા પોલીસ વડાએ સુચના આપતા એલસીબી પીઆઈ જે.ડી.પુરોહિતે પોતાની ટીમને સુચના આપતા અધિકારી અને કર્મચારીઓ આ દિશામાં કાર્યરત થઈ ગયા હતા અને દારુની બદી ડામવા સતત રેઈડ પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે તા.૫ ના રોજ એલસીબીના જવાનોએ કલોલ તાલુકાના સઈજ ગામે રણજીતજી અભરાજી ઠાકોર રહે.સઈજ લક્ષ્મીપરા ખાતે રેઈડ પાડી હતી. જેમાં



દેશીદારુ લીટર ૧૦૫, તેમજ દેશી દારુ ગાળવાનો વોશ લીટર-૮૦૦ કબ્જે કરી આરોપી લીલાબહેન રમણ ઠાકોર રહે.સઈજ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

જયારે સેકટર-૭ પોલીસ વિસ્તારમાં આવેલ વાવોલ ગામે શણગારબેન ઠાકોરના ત્યાં એલસીબી ટીમના જવાનો અ.હે.કો. સુરેશકુમાર તેમજ ભૌમિકકુમારે રેઈડ કરતા દેશી દારુ લીટર-૫ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાધ ધરી છે. જયારે ત્રીજા બનાવમાં એએસઆઈ હજારી સિંહ, અ.હે.કો.હરીભાઈ, ભવાનસિંહ તથા પો.કો. હરેન્દ્રસિંહે ક-૭ ચોકડી ખાતે છાપરામાં રહેતા સવિતાબહેન ઠાકોરના ત્યાં રેઈડ કરતા દેશીદારુ લીટર-૫ નો જથ્થો કબ્જે કરી આરોપી વિરુધ્ધ કાયેદસરની કાર્યાવીહ હાથ ધરી છે.

જયારે અન્ય એક બનાવમાં હે.કો. દિલિપસિંહ અને મહિપાલસિંહને બાતમી મળી હતી કે એક યુવાન મોટર સાયકલ પર વિદેશી દારુ લઈને પસાર થવાનો છે. જેને પગલે એલસીબી પીએસઆઈ વી.એમ.ઝાલા, અ.હે.કો. કિરીટકુમાર,જીગ્નેશકુમાર અડાલજ પોલીસ મથકના ઝુંડાલ ગામની



સીમમાં પ્રોહીબીશન અંગે રેઈડ કરી હતી. જેમાં જીજ્ઞેશ સોમાભાઈ ઠાકોર રહે.અમિયાપુર મોટો ઠાકોરવાસ તા.જી.ગાંધીનગરવાળાને હીરોહોન્ડા મોટર સાયકલ નં જીજે૦૧પીઆર-૮૨૪૨માં ઈંગ્લીશ દારુની હેરાફેરી કરવા જતા પકડી પાડેલ અને તેની પુછપરછ કરતા તેના અન્ય સાગરીતો પૈકી આકાશજી પુનાજી ઠાકોરના ઘર પાછળ સંતાડેલ ઈંગ્લીશ દારુનો અન્ય સંતાડી રાખેલો જથ્થો પણ બતાવ્યો હતો. તેની પાસેથી પોલીસને કુલ બોટલો નં-૭૭ કિ.રૂ.૩૦,૮૦૦ તેમજ મોટર સાયકલ અને મોબાઈલ મળીને કુલ રૂ.૫૬૩૦૦ નો મુદામાદ ઝડપી પાડીને એલસીબી પોલીસે જીજ્ઞેશ ઠાકોર, જીતેન્દ્ર ઠાકોર અને આકાશ પુનમજી ઠાકોર તેમજ અન્ય એક શખ્સ ગેરકાયદેસ રીતે રાખીને વેચાણ કરતા હોવાથી તમામ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી એલસીબી પોલીસ કરી રહી છે.

# ચિલોડા પુરોહિત હોટલ પાસેથી દારૂ પીને છાકટા બનેલા ૪ નબીરા પકડાયા

ચિલોડા, તા.૬

ગાંધીનગર તાલુકાના ચિલોડા પોલિસ સ્ટેશન ખાતે નવા પી.આઈ. નિરજ પટેલ આવતા તેમની લાલ આંખથી દારૂડિયા, જુગારીયા, બુટલેગરોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ચિલોડા પોલિસની સઘન પેટ્રોલીંગની કામગીરી હાથ ધરાતાં ગુનાહિત પ્રવૃત્તિ પર નિયંત્રણના પગલાં લેવાતા વિસ્તારમાં શાંતિ અને સલામતી જળવાઈ રહી છે ત્યારે ચિલોડા ખાતેની નામાંકિત પુરોહિત હોટલમાં અમદાવાદના સ્વાદરસિયા યુવાનો આવતા હોય છે ત્યારે અમદાવાદના ૪ નબીરા દારૂ પીધેલ હાલતમાં છાકટા બનતા પોલીસને જાણ થતાં પોલિસે વિપુલ રમેશભાઈ ભદોરીયા, ઉ.વ. ૨૪ રહે. નરોડા બાપા સીતારામ ચોક, સુરેશભાઈ રમેશભાઈ પટેલ, ઉ.વ. ૨૮, ગાયકવાડ હવેલી-જમાલપુર, અમદાવાદ, સંજય ચીનુભાઈ મકવાણા ઉ.વ. ૩૨ દાણીલીમડા-અમદાવાદ અને નીતીન અરવિંદભાઈ લોધી, ગુ.હા. બોર્ડ-મેઘાણીનગરને પકડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ચારેય ઈસમો હુન્ડાઈ આઈ-૧૦ જીજે ૦૧-કે.એફ. ૨૭૭૨ કારમાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. આ અંગે ચિલોડા પોલિસ સ્ટેશનના હે.કો. સજાદખાન તપાસ ચલાવી રહ્યા છે.

# ભારતીય જનસંઘનો ભાજપ સામે લઘુમતીના તૃષ્ટિકરણનો આક્ષેપ

અમદાવાદ,તા.૬

ગુજરાત સહિત દેશભરમાં તાજેતરની રાજકીય પરિસ્થિતિ અને હિન્દુત્વને બાજુએ લાખી લઘુમતીઓના તૃષ્ટિકરણની ખેલાઈ રહેલી ભાજપની ગંદી રાજનીતિ સામે ઓરીજનલ અખિલ ભારતીય જનસંઘ હિન્દુત્વની રક્ષા કાજે ફરી મેદાનમાં આવ્યું હતું. અખિલ ભારતીય જનસંઘના રાષ્ટ્રીય મહાસચિવ પ્રવીણ યાદવ, ગુજરાતના પ્રદેશ પ્રમુખ અતુલભાઈ દવે સહિતના નેતાઓએ ભાજપ પર ગંભીર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ભાજપ હિન્દુત્વ અને અયોધ્યા રામમંદિરની વાતો બાજુએ રાખી મતોના રાજકારણ માટે લઘુમતીઓના તૃષ્ટિકરણની ગંદી રાજનીતિ રમી રહ્યું છે અને તેથી જનસંઘ સાંખી નહી લે.

આગામી વિધાનસભા ચૂંટણીઓમાં અખિલ ભારતીય જનસંઘના ઉમેદવારો પણ ૧૮૨ બેઠકો પરથી ચૂંટણી લડશે. અખિલ ભારતીય જનસંઘના રાષ્ટ્રીય મહાસચિવ પ્રવીણ યાદવ, ગુજરાતના પ્રદેશ પ્રમુખ અતુલભાઈ દવેએ વધુમાં જણાવ્યું હતું કે, અખંડ હિન્દુરાષ્ટ્ર અને હિન્દુત્વની રક્ષા માટે આદરણીય શ્યામાપ્રસાદ મુખરજી અને પંડિત દિનદયાળ ઉપાધ્યાયની વિચારસરણી મુજબ આગળ વધેલો અખિલ ભારતીય જનસંઘને આજે હિન્દુત્વની રક્ષા માટે ફરીથી મેદાનમાં આવવાની ફરજ પડી છે કારણ કે, ભાજપે હિન્દુત્વ, અયોધ્યામાં રામમંદિર, દરેક નાગરિક માટે સમાન સિવિલ કોડ અને જમ્મુ કાશ્મીરને વિશેષ દરજજો આપતી ૩૭૦ની કલમ દૂર કરવા, દેશમાં સૈનિકોના અપાઈ રહેલા બલિદાનો સહિતના મુખ્ય મુદ્દાઓ પરથી ધ્યાન હટાવીને ત્રિપલ તલાક અને લઘુમતીઓના તૃષ્ટિકરણની રાજનીતિ કરી રહ્યું છે અને તે પણ મતોના રાજકારણ માટે, સત્તાના સ્વાર્થમાં. ત્યારે હવે અખિલ ભારતીય જનસંઘને હિન્દુત્વની રક્ષા માટે જાહેરમાં આવવું પડયું છે.





ગુજરાત રાજ્ય બોર્ડ, નિગમ, સરકારી સાહસો, મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓના કર્મચારી મહામંડળો દ્વારા નવ વર્ષની શરૂઆત થયેલ હોય કર્મચારીઓનું ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો જેમાં ગુજરાત રાજ્ય બોર્ડ, નિગમ, સરકારી સાહસો, મહાનગર પાલિકાઓ, નગરપાલિકાઓના કર્મચારી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી અને લીસોથો, આફ્રીકા વચ્ચે એમઓયુ

ગાંધીનગર, તા. ૬

ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર અને કિંગડમ ઓફ લીસોથો, આફ્રીકા સાથે એમ.ઓ.યુ. કરાર કરવામાં આવ્યાં.





આ એક ઐતિહાસીક ઘટના છે કે આ કરારમાં કિંગડમ ઓફ લીસોથો, આફ્રીકા વતી પોલીસ મીનીસ્ટર માનનીય મેમ્ફો મોખલે અને જી.એફ.એસ.યુ. વતી મહાનિયામક ડૉ. જે.એમ. વ્યાસ આ એમ.ઓ.યુ.ની આપલે કરી હતી.

દેશ અને સમગ્ર દુનિયામાં છેલ્લા ઘણા સમયથી આધુનિક ઢબથી ગુના આચરવામાં આવી રહ્યા છે જે ખુબ જ ચિંતાનો વિષય બની રહેલ છે. આવા ગુન્હાઓ રોકવામાં તથા તેની તપાસ માટે ફોરેન્સીક સાયન્સની ઉપયોગીતા અનિવાર્ય બનેલ છે.

આ કરાર અંતર્ગત ગુજરાતની ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી, લીસોથો સરકારને હાલની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી સહિત તમામ ફોરેન્સિક સર્વીસીસને અદ્યતન તથા સુદઢ બનાવવામાં મદદ કરશે. તે ઉપરાંત લીસોથો દેશના ફોરેન્સિક નિષ્ણાંતો, પોલીસ અધિકારીઓ તેમજ જજોને ગુન્હા સંશોધનમાં ઉપયોગમાં લેવાતી અદ્યતન ટેકનોલોજી અને પ્રશિક્ષણ વિષેની વિસ્તૃત તાલીમ પણ આપશે. લીસોથોના વિદ્યાર્થીઓને તથા પોલીસ અધિકારીઓને ગાંધીનગર ખાતેના કેમ્પસમાં ચાલી રહેલા વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપી લીસોથો દેશને ગુન્હા સંશોધન ક્ષેત્રના નિષ્ણાંતો તૈયાર કરી મહત્વની મદદ પૂરી પાડશે. ઉપર મુજબની કન્સલ્ટન્સી પૂરી પાડવા બદલ લીસોથો સરકાર ગુજરાત ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીને તમામ જરૂરી ફી ચૂકવશે. ભારત તેમજ અન્ય દેશોમાં ફોરેન્સિક સર્વીસીસને સુદઢ કરી વિશ્વમાં શાંતિ સ્થાપવાના આ યુનિવર્સિટીના મહત્વના ઉદ્દેશ્યને સાર્થક કરવામાં આ એમ.ઓ.યુ.થી મહત્વનું બળ પ્રાપ્ત થયેલ છે.

# આજથી રાજ્યમાં ગૌરવ મહાસંપર્ક અભિયાન

છેલ્લા બે દિવસથી ગુજરાતમાં ઝંઝાવતી પ્રચાર કરી રહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ એક દિવસના વિરામ બાદ આવતીકાલે મંગળવારે ફરીથી પ્રદેશના ત્રણ દિવસના પ્રવાસ પર છે. આવતીકાલથી અમિત શાહ ફરી ઝંઝાવતી પ્રચાર કરીને પાર્ટીના કાર્યકરો અને હોદ્દેદારોને જરૂરી માર્ગદર્શન આપનાર છે. ગુજરાતમાં ૧૫૦થી વધુ બેઠકો જીતવાના મક્કમ ઈરાદા સાથે ભાજપ પ્રમુખ અમિત શાહ આવતીકાલે સવારે નવ વાગે અમદાવાદના નારણપુરાથી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો શુભારંભ કરાવશે. આવતીકાલથી ૧૨મી નવેમ્બર સુધી ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન ચાલનાર છે જેમાં વડાપ્રધાનના સંદેશને જનજન સુધી પહોંચાડશે. રાષ્ટ્રીય નેતાઓ અને પ્રદેશના નેતાઓ ઘરે ઘરે જઈને સંપર્ક કરશે. ભાજપના સુશાસનની સિદ્ધિઓ પ્રજા વચ્ચે લઈ જવાશે. આ અંગે ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ અને પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ આજે જણાવ્યું હતું કે, ભાજપ ૨૦૧૭ની ચૂંટણીમાં જન જન સુધી શાસનની સિદ્ધિઓ પહોંચાડવા ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાન યોજશે. મહાસંપર્ક અભિયાન દરમિયાન ગુજરાતના ગૌરવ, ગુજરાત અને દેશનું નામ, સમગ્ર વિશ્વમાં ભારતની બોલબાલા સહિત મોદીના સંદેશા લોકો સુધી પહોંચાડવામાં આવશે. મોદીનો જનતા જનાર્દનને ઉદ્દેશીને કરાયેલો સંદેશો પહોંચાડવામાં આવશે. જાડેજાએ અભિયાનની વિગત આપતા કહ્યું હતું કે, ઘર ઘર ચલો અભિયાનના રાજયવ્યાપી કાર્યક્રમમાં રાષ્ટ્રીય નેતાઓ અને પ્રદેશના નેતાઓ સમગ્ર રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં જોડાશે. જનતાનું અભિવાદન કરી વિજય ભવના આશીર્વાદ મેળવશે. પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ અમદાવાદમાં, મુખ્યમંત્રી રૂપાણી આવતીકાલે રાજકોટમાં રહેશે. અમિત શાહે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રસંગે સંગઠનની ચૂટણી તૈયારી ચુસ્ત કરવાના હેતુસર શનિવારના દિવસે ગાંધીધામ, કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર શહેર, જિલ્લા, બોટાદ, અમરેલી અને અમદાવાદમાં પાર્ટીના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી. ત્યારબાદ રવિવારના દિવસે વલસાડ, નવસારી, ડાંગ, પંચમહાલ, દાહોદ, સાંબરકાઠા, અને અરવલ્લીમાં કાર્યકરો, હોદ્દેદારોને પ્રચંડ જીત અપાવવા માટે માર્ગદર્શન આપ્યુ હતુ.

### આજે ૨૦ બેઠકોના કાર્યકરો સાથે સંવાદ

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ તારીખ ૭ નવેમ્બરના રોજ બે મહાનગરો રાજકોટ, સુતર અને રાજકોટ જિલ્લાના શક્તિકેન્દ્રોના ઈન્ચાર્જો અને પાર્ટી અગ્રણી કાર્યકરોને વિધાનસભાની ચૂંટણીમાં વિજય મેળવવા માર્ગદર્શન કરશે. ભાજપ પ્રદેશ પ્રવક્તા ડો. જગદીશ ભાવસારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના તારીખ ૭ નવેમ્બરના સંગઠનાત્મક પ્રવાસ કાર્યક્રમની વિગતો આપતા જણાવ્યું હતું કે, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સવારે ૯.૦૦ કલાકે ગુજરાત ગૌરવ મહાસંપર્ક અભિયાનનો નારણપુરા ક્ષેત્ર ખાતે પ્રારંભ કરાવી બપોરે ૨.૦૦ કલાકે રાજકોટ પહોંચી હેમુગઢવી હોલ, ટાગોર પાર્ક, રાજકોટ ખાતે પત્રકાર પરિષદ યોજશે. તેઓ ૨.૩૦ કલાકે રાજકોટ શહેર જિલ્લાના શક્તિકેન્દ્ર ઈન્ચાર્જો અને ભાજપના વરિષ્ઠ કાર્યકરો સાથે બે તબક્કામાં હેમુગઢવી હોલ ખાતે બેઠકો યોજી માર્ગદર્શન આપશે.

# શહેરમાં ભાજપનું આજથી ગૌરવ સંપર્ક અભિયાન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ભાજપ દ્વારા આજથી ગુજરાત ગૌરવ સંપર્ક અભિયાનનો આરંભ થઈ રહ્યો છે.

આ અભિયાનમાં યુ.પી.ના આરોગ્ય મંત્રી મહેન્દ્રસિંહ સહિતના શહેર-જિલ્લાના આગેવાનો જોડાવાના છે.

આ અભિયાન એ ભાજપની મહાવિજય યાત્રા બની રહેશે અને ચોથા તબક્કાના અભિયાનમાં મતદારોમાં ગુજરાતના ગૌરવ અને વિકાસની વાતો કરી મતદાર જાગૃતિનું અભિયાન બનાવશે. આ અભિયાન દરમ્યાન ઘેર-ઘેર કાર્યકર્તાઓ જઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો મતદારો જોગ સંદેશો આપશે એટલુ જ નહિ જનતાનું અભિવાદન અને આશીર્વાદ પ્રાપ્ત કરશે.

# માણસા ખરીદ કેન્દ્ર પર મગફળીની આવક જ થઈ નહિ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ટેકાના ભાવે મગફળી ખરીદવા માટે શરૂ કરાયેલા કેન્દ્રોમાં આજે માણસા ખાતે કોઈજ આવક થઈ ન હતી તો દહેગામ ખાતેના કેન્દ્ર પર ૬૫૦ ક્વીન્ટલ મગફળીની આવક થઈ હતી. પ્રાપ્ત થતી વિગતો મુજબ માણસા ખરીદ કેન્દ્ર પર આજે મગફળીની આવક જણાઈ ન હતી. જિલ્લામાં આજ સુધીમાં ૬૮૩૨ ક્વીન્ટલ મગફળીની આવક આ બે કેન્દ્રો પર થઈ છે.

# પેથાપુરવાસીને અસરગ્રસ્ત વળતર નહિ મળ્યાનો અન્યાય

ગાંધીનગર, તા.૬

પેથાપુર નિવાસી શ્રી સિકંદરભાઈ એસ. શેખને ૧૯૬૫માં પેથાપુરની જમીન પચીસ પૈસા મીટર લેખે સરકારે ૧૦ એકર અને ૧૦ ગુંઠા જમીન સંપાદન કરેલ હતી. જેમાં સરકારના નિયમો પ્રમાણે અસરગ્રસ્ત ખેડૂતોને સરકારમાં નોકરી અથવા ચીપ ટાઈપની દુકાન આપવામાં આવતી હતી તે મળેલ નથી. ઘણા વર્ષો થવા છતાં શ્રી શેખને ન્યાય મળેલ નથી. કોર્ટમાં દાદ માંગેલ છે. જો શેખ પરિવારને યોગ્ય ન્યાય નહી મળે તો આગામી ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરનાર છે.